

## (C - 52)
## એક વાર બોલો શાન્તિનાથ

(દેશી–અબોલડાં શાને લીધાં છે)

એક વાર બોલો શાન્તિનાથ,
અબોલડાં શાને લીધાં છે.

એક વાર બોલો સીમંધરનાથ,
અબોલડાં શાને લીધાં છે.

શાન્તિકરણ શ્રી શાન્તિ જિણંદા,
મનમોહન જગસારા.......અબોલડાં૦ ૧

જસ નામે ભય સઘળા ભાગે,
ઘેર ઘેર મંગળમાળા.....અબોલડાં૦ ૨

જેહને દિગ્કુમારી હુલરાવે,
ઈન્દ્રો પણ ગુણ ગાય તારા...અબોલડાં૦ ૩

છએ ખંડના ભોગ તજીને,
દીક્ષા સુંદરી વરનારા.......અબોલડાં૦ ૪

કેવલ કમલા તુમે વરીને,
શિવવધુ સાથે રમનારા.....અબોલડાં૦ ૫

એહને ભજતાં સુખિયા થઈએ,
દુઃખડાં નાવે લગારા.......અબોલડાં૦ ૬

તુજને ભજે તેનો ધન જન્મારો,
અમૃત પદ પામનારા.......અબોલડાં૦ ૭